Gujarat Common Admission Services (GCAS)
Education Department, Government of Gujarat

ક્રમાંક: જીકેસ/વહટ/૨૦૨૫-૨૬/51 તા.૧૭.૦૫.૨૦૨૫

પ્રતિ,
કુલસચિવશ્રી,
સ્ટેટ યુનિવર્સિટી (જીકેસ સાથે સંકળાયેલ તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય: GCAS પોર્ટલ મારફત સ્નાતક અભ્યાસક્રમોમાં તબક્કા-૧માં વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે નવી ટાઈમલાઇન જાહેર કરવા બાબત

શ્રીમાન,

ઉક્ત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ 2025-26 અન્વયે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ (GCAS) મારફત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે પ્રથમ તબક્કાની ટાઈમલાઇન મંજૂર કરવામાં આવેલ હતી.

પરંતુ, ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની માર્કશીટ-પ્રાપ્ત થયેલ ન હોઈ વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લેતાં સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશના પ્રથમ તબક્કામાં પ્રથમ ફેઝની સમયમર્યાદા વધુ દીન 03 માટે લંબાવવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓને પ્રથમ તબક્કાના પ્રથમ ફેઝમાં અરજી કરવા માટેની અંતિમ તારીખ 21/05/ 2025રહેશે.

આથી GCAS પોર્ટલ મારફત સ્નાતક )UG) કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશની સંપૂર્ણ કાર્યવાહી માટે પ્રવેશના તબક્કા૧ની- નવી ટાઈમલાઇન આ સાથે બિડાણમાં સામેલ રાખી આપશ્રીને મોકલવામાં આવે છે. જેની નોંધ લેશો.

(દિલિપ કુમાર રાણા, IAS)
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ અને
સીઇઓ, કેસીજી

નકલ રવાના જાણ સારૂં:
૧. માન. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ
૨. અંગત મદદનીશ, કુલપતિશ્રી, જીકેસ સાથે સંકળાયેલ તમામ સ્ટેટ યુનિવર્સિટી તરફે કુલપતિશ્રીની જાણમાં મૂકવા સારૂં

**Gujarat Common Admission Services (GCAS)**
**Education Department, Government of Gujarat**

# પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટેના પ્રથમ તબક્કાનું લંબાવેલ શિડ્યુલ

## Steps to be followed by the Students for Admission in UG Program

## સ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં

For affiliated and constituent colleges / Department of following Universities

(Bhakta Kavi Narsinh Mehta University; Gujarat Technological University; Gujarat University; Hemchandracharya North Gujarat University; Krantiguru Shyamji Krishn Verma Kachchh University; Maharaja Krishnakumarsinhji Bhavnagar University; Sardar Patel University; Saurashtra University; Shree Somnath Sanskrit University; Shri Govind Guru University; The Maharaja Sayajirao University of Baroda & Veer Narmad South Gujarat University)

### પ્રવેશનો તબક્કો – ૧

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન રાઉન્ડ-૧ | તા. ૦૯.૦૫.૨૦૨૫ થી તા. ૨૧.૦૫.૨૦૨૫ | ૧૩ | 1. ક્વિક રજિસ્ટ્રેશન કરવું.<br>2. રજિસ્ટ્રેશન ફી, પ્રોફાઈલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>3. ઓનલાઈન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી. |
| ૨ | વેરીફીકેશન રાઉન્ડ-૧ (રજિસ્ટ્રેશન રાઉન્ડ-૧ને સમાંતર) | તા. ૦૯.૦૫.૨૦૨૫ થી તા. ૨૩.૦૫.૨૦૨૫ | ૧૫* | GCAS પોર્ટલ પર સબમિટ કરેલ ઓનલાઈન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન નજીકના વેરીફીકેશન સેન્ટર પર કરાવવું. (લાગુ પડતા કિસ્સામાં) |
| ૩ | ટેકનિકલ પ્રોસેસ | તા. ૨૪.૦૫.૨૦૨૫ થી તા. ૨૮.૦૫.૨૦૨૫ | ૦૪* | – |
| ૪ | પ્રવેશ રાઉન્ડ – ૧ | તા. ૨૯.૦૫.૨૦૨૫ થી તા. ૩૧.૦૫.૨૦૨૫ | ૦૩ | 1. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ-ઈન કરી સંબંધિત યુનિવર્સિટી-કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>2. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર OTPથી કન્ફર્મ કરવી.<br>3. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી-કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને |

| ક્રમ | પ્રવેશનો તબક્કો | તારીખ | કુલ દિવસો | વિદ્યાર્થીએ અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|---|---|
| | | | | સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવું.<br>4. યુનિવર્સિટી–કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTPથી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| ૫ | ટેકનિકલ પ્રોસેસ | તા. ૦૨.૦૬.૨૦૨૫ | ૦૧ | – |
| ૬ | પ્રવેશ રાઉન્ડ – ૨ | તા. ૦૩.૦૬.૨૦૨૫ થી તા. ૦૪.૦૬.૨૦૨૫ | ૦૨ | ક્રમ – ૪ મુજબ. |
| ૭ | ટેકનિકલ પ્રોસેસ | તા. ૦૫.૦૬.૨૦૨૫ | ૦૧ | – |
| ૮ | પ્રવેશ રાઉન્ડ – ૩ | તા. ૦૬.૦૬.૨૦૨૫ થી તા. ૦૯.૦૬.૨૦૨૫ | ૦૨* | ક્રમ – ૪ મુજબ. |
| ૯ | ટેકનિકલ પ્રોસેસ | તા. ૧૦.૦૬.૨૦૨૫ | ૦૧ | – |
| ૧૦ | પ્રવેશ રાઉન્ડ – ૪ | તા. ૧૧.૦૬.૨૦૨૫ થી તા. ૧૨.૦૬.૨૦૨૫ | ૦૨ | ક્રમ – ૪ મુજબ. |

* તા.૧૧.૦૫.૨૦૨૫, તા.૧૮.૦૫.૨૦૨૫, તા. ૨૫.૦૫.૨૦૨૫, તા.૦૧.૦૬.૨૦૨૫, તા.૦૮.૦૬.૨૦૨૫ – રવિવાર;

* તા.૦૭.૦૬.૨૦૨૫ – જાહેર રજા

* * * * * *